પા ની ફસલ

એફ્રામ કેરિયર દ્વારા

યાન એન્ડ્રુસ ને સંભળાવેલી સાચી વાર્તા



લેખન : યાન એન્ડ્રુસ

ચિત્ર : સીબેલ યંગ

પા એક ખેડૂત છે. સમય મુશ્કેલ છે, પણ આ વર્ષ સારું જશે એવી આશા છે. બટાટા ના છોડ સારી રીતે ઉગી રહ્યા છે. વર્ષા થવી જોઈએ ત્યારે પાણી વરસ્યું, સૂરજ પણ તાપ આપી રહ્યો છે. પરિવાર કદાચ આ વર્ષે પહેલી વાર સોગાત સાથે ક્રિસ્મસ મનાવી શકશે.


નાનો એફી ખેતર માં પા ની મદદ કરે છે અને ઉપજ ને દરેક તબક્કે ઉગતા જુએ છે. લણણી કરવાનો સમય આવે છે. એફી ઘોડાગાડી માં બટાટા લાદવામાં પા ની મદદ કરે છે. અને પછી પા ને ખુશી-ખુશી એને વેચવા જતા જુએ છે. પણ રાતે જયારે પા પાછા ફરે છે, ત્યારે ગાડી ખાલી નહીં, ભરેલી છે. આ વર્ષે બધા ખેડૂતો ને બટાટા ની ભરપૂર ફસલ મળી છે, એટલે હવે ખરીદદાર જ નથી.

બટાટા આગલી વસંત સુધી ભોંયરાના કોઠાર માં રાખવામાં આવે છે. અને પા પરિવાર નો ગુજારો ચલાવવા મજબૂરી થી જંગલ માં લાકડા કાપવા જાય છે. વસંત માં જયારે પા પાછા આવે છે, ત્યારે ખબર પડે છે કે બધા બટાટા સડી ગયા છે. એફી અને એના પિતા એની આશાઓ ને નિરાશા માં બદલાતા જુએ છે.

મહામંદી ના સમય નો આ કિસ્સો એક એવા પરિવાર ની સાચી વાર્તા છે જે બધી જ રીતે કંગાળ અને હતાશ થઇ ગયો છે. પુસ્તક ના ચિત્ર એ સમય ને સજીવ કરે છે જયારે લોકો ભયાનક હાલત માં જીવી રહ્યા હતા. આજે એફ્રામ એનો અધિકતમ સમય વિકાસશીલ રાષ્ટ્રો માં વિકાસ પરિયોજનાઓ માં કામ કરવામાં વિતાવે છે. પણ દુનિયા માં ઘણા લોકો આજે પણ આવી જ મુશ્કેલીઓ નો સામનો કરે છે જેને કંઈ બદલી નથી શકતું.

યાન એન્ડ્રુસ એક કિસ્સાગો છે. એણે ઘણા પુસ્તકો લખ્યા છે, જેમાં એક લોકપ્રિય ચિત્રકથા વેરી લાસ્ટ ફર્સ્ટ ટાઈમ અને એનો ઉપન્યાસ કૈરી સામેલ છે. એ ઓટ્ટાવા પાસે એક ઝરણાં ને કિનારે રહે છે.

સીબેલ યંગ એક પુરસ્કૃત યુવાન ચિત્રકાર છે, જે ઘણી વાર લઘુચિત્રો પર કામ કરે છે. આ પહેલું પુસ્તક છે જેમાં એણે એના ચિત્રો માં જીવ પૂર્યો છે. એ ટોરોન્ટો માં રહે છે.



પા એ વસંત માં એની ફસલ ની વાવણી કરી હતી. હું ત્યારે બહુ નાનો હતો. પણ એ જરૂર જાણતો હતો કે બરફ પીઘળી ને નાના-નાના ખાબોચિયા બનાવતો હતો. માઁ હંમેશા મને એમાં ન કૂદવાની અને બહાર રહેવાની શિખામણ આપતી હતી.

પા એ કહ્યું કે એમણે બટાટા ની ફસલ ના કામ ની શરૂઆત કરવી જોઈએ. એ મને પણ એની સાથે બહાર લઈ ગયા. મને એક ચપ્પુ આપ્યું. એણે મને સાવધાન રહેવાનું પણ ન કહ્યું!

હું એમની પાસે બેઠો અને કામ કરવા લાગ્યો. હું મારા સસ્પેન્ડર્સ (પાટલૂન ના પટ્ટા) પહેરેલો હતો જે ટાયર ની અંદર ની ટ્યૂબ ના બનેલા હતા. હું એને ક્યારેક ખેંચી ને ફટાક થી છોડી દેતો હતો, જેવી રીતે પા કરતા હતા.

અમારે બટાટા ને અડધા અને પછી ચતુર્થાંશ માં કાપવાના હતા, એ ધ્યાન રાખીને કે દરેક હિસ્સા માં કમ-સે-કમ એક સફેદ ગાંઠ હોય, જેને આંખ કહેવાય.

"જો આંખ કાપી નાખીશ તો બેચારા ને નીચે ધરતી માં કંઈ દેખાશે જ નહીં," પા એ કહ્યું.

"શું એ સાચેજ જોઇ શકે છે?" મેં જાણવા ચાહ્યું.



બીજે દિવસે મારી સ્કૂલ હતી. એટલે હું પા ની મદદ ત્યાંથી પાછા ફરીને, થોડો નાશ્તો કરીને જ કરી શકતો હતો. ત્યારે, જયારે હું મારા બીજા કામકાજ પણ કરી લેતો - લાકડીના ડબ્બા માં



લાકડી રાખવી, પાણી લાવવું, રાત માટે કેરોસીન ની લાલટેન તૈયાર કરવી. મારા ભાઈ આ બધું કરવા માટે બહુ નાના હતા.

ઘણા દિવસો વીત્યા. બટાટા ના ટુકડા કાપવાનું કામ પૂરું થયું. હવે એ વાવણી માટે તૈયાર હતા. પા મને એની સાથે ખેતર જોવા લઈ ગયા.

"તને શું લાગે છે, જમીન ચાસ પાડવા માટે સુકાઈ ચુકી છે?" એણે મને પૂછ્યું.

એ ત્યાં સુધી રોકાયા જ્યાં સુધી મેં મારુ માથું હકાર માં ન હલાવ્યું.

બીજી સવારે એમણે અમારા ઘોડા કિંગ અને બિલ ને હળ સાથે જોતર્યા. પછી ખેતર માં ચાસ પાડી. બની શકે ત્યાં સુધી હું એમની પાછળ-પાછળ ચાલતો. ચાસ પાડયા પછી નીકળતી માટી ની સુગંધ કેટલી સરસ હતી. જયારે ખેડવાનું પૂરું થયું ત્યારે પા એ દંતાળ જમીન ખેડવાનું ઓજાર લીધું, જેનાથી માટી ના મોટા-મોટા ઢેફાં તોડી શકાય.



"શું લાગે છે, ખેતર વાવણી માટે તૈયાર છે?" એમણે પૂછ્યું.

મેં ઝૂકી ને માટી ને ધ્યાન થી જોઇ. પછી મારુ માથું હા માં હલાવ્યું.



એણે ચાસ માં બટાટા ના ટુકડા નાખવા શરુ કર્યું. એક ટુકડો, થોડી ખાલી જગ્યા, પછી બીજો ટુકડો.

એ રાતે ભાઈઓ સાથે હું રસોડા માં પાથરેલા બિછાના માં સૂતો હતો. મેં પા ને માઁ ને એ જણાવતા સાંભળ્યા કે એણે ખાતર ખરીદી લીધું છે. કે એ બહુ કામ ની વસ્તુ છે, પણ મોંઘી છે.

પા મને કહેતા કે બટાટા ના ફણગા ક્યારે પણ ફૂટશે. હું ધીરજ ધરવાની કોશિશ કરતો. પણ સાચું તો એ હતું કે પા પણ અધીરા થઈ ગયા હતા. રોજ સ્કૂલ પહેલા એ મને ખેતર લઈ જતા. હું નીચે ઝૂકતો. મારી આંખો એકદમ ધરતી પાસે લઈ જતો, જેમ એમણે મને કહ્યું હતું.


"જો, એ દેખાવા લાગ્યા!" એક દિવસ પા બોલ્યા.

મેં પણ ધરતી ફાડી ને નીકળેલા નાના-નાના લીલા-લીલા અંકુર ને જોયા. મેં ઘરે જઈ માઁ ને ખબર આપ્યા.



જેમ-જેમ દિવસો ગરમ થવા લાગ્યા અંકુર દાંડી માં બદલાયા, અને એના પર પાંદડા આવ્યા. પા ને ખેતર માં બીજા કામ પણ કરવા પડતા હતા - સૂવર, ગાય, ઘોડા અને મરઘીઓ ને કારણે. પણ અમે તો પણ રોજ બટાટા ને જોવા જરૂર જતા.

એક દિવસ છોડ પર સફેદ ફૂલ નજર આવ્યા.



પા જોશ માં આવી ને હાથ મસળવા લાગ્યા. "આ અત્યાર સુધી ની સૌથી સારી ફસલ થશે." એણે એના હાથ મારા ખભા ફરતે રાખ્યા અને દબાવ્યા. વર્ગ ની પહેલી ડેસ્ક માં બેઠા-બેઠા મને એ આખી સવાર એમનો દબાવ મહેસૂસ થતો રહ્યો.



સ્કૂલ નું સત્ર પૂરું થયું. પા એ બટાટા ના છોડ ની કતારો પર માટી ચઢાવી, નીંદણ કાઢી. એ મને એનો મદદગાર કહેવા લાગ્યા. હું એમની ફુર્તી થી કામ કરવા ની કોશિશ જરૂર કરતો, પણ કરી ન શકતો.

એ રોજ સવારે નાસ્તા થી પણ પહેલા કામ શરુ કરી દેતા. અને મોડી સાંજે જ ઘરે આવતા. માઁ ને રાત નું જમવાનું મોડે થી પીરસવું પડતું.

પણ મને એ સારું લાગતું. કારણકે પા જમવાના સમયે જણાવતા કે બટાટા દરઅસલ પૈસા જેવા કેમ છે.

"આ વર્ષે ક્રિસ્મસ માં સૌ માટે ભેટ હશે," એ અમને કહેતા. "ભેટ, છે ને માઁ? દુકાનો માં થી ખરીદેલી ભેટ."



ઉનાળો પૂરો થયો અને સ્કૂલ ફરી શરુ થઈ. હવે હું સ્કૂલ માં બીજી કતાર માં બેસવા લાગ્યો હતો. સવારે-સવારે બહુ ઠંડી હતી, હું મારા હાથ ખિસ્સા માં ખોસતો. જયારે ચાલતો ત્યારે મારા શ્વાસો ને હવા માં મારી સામે હવા માં જોઈ શકતો.

બીજી વાર જયારે અમે ખેતર માં ગયા ત્યારે અમે જોયું કે બટાટા ના છોડ કાળા પડી ગયા હતા.



હું એટલો ડરી ગયો કે ત્યાંથી ભાગી જવા ચાહતો હતો. પણ પા એ મને મારો હાથ માટી માં નાખવા કહ્યો. એટલે અંદર જ્યાં સુધી મને બટાટા ન મળે, બટાટા ના ગુચ્છા ના ગુચ્છા.

"કહ્યું હતું ને મેં? આ વર્ષે ખુબ બટાટા થશે." એણે એક બટેટું કાઢ્યું અને મને દેખાડયું. "ફક્ત ભેટ જ નહીં હોય આપણી પાસે. કપડાં પણ હશે. બિલકુલ નવા!"

એણે મારા ખભા ને વધારે જોરથી દબાવ્યા. હું તો વિચારી પણ નહોતો શકતો. મેં ક્યારેય નવા કપડાં પહેર્યા જ ન હતા. માઁ મારા કપડાં પા ના જુના કપડાં માં થી સીવી દેતી હતી. એ મને કાળજી રાખવાનું કહેતી જેથી મને નાના પડે ત્યારે મારા ભાઈઓ એ પહેરી શકે.



હું વિચારતો હતો કે આગળ શું થશે. ખબર ત્યારે પડી જયારે પા એ આલ્ફે છોકરાઓ ને બોલાવ્યા. પા એ ખેતર માં ખોદવાનું મશીન ચલાવ્યું. એનાથી બટાટા માટી ની ઉપર નીકળી આવ્યા અને મને દેખાવા લાગ્યા. આખા ખેતર માં હવે બટાટા જ બટાટા દેખાવા લાગ્યા.

હું આલ્ફે છોકરાઓ સાથે કામે લાગી ગયો. અમે મળી ને બટાટા ને ટોકરીઓ માં ભેગા કર્યા.

બટાટા થી ભરેલી ટોકરીઓ પીપ માં ખાલી કરી. ક્યારેક મને લાગતું કે મારા હાથ ટૂટી ને પડી જશે, એ એટલા દુઃખતા હતા.

આખરે ખેતર ખાલી થયું અને અમારો વાડો પીપો થી ભરાઈ ગયો. પા એ મને અને મારા ભાઈયો ને એક-એક પીપ પર બેસાડયા. પછી માઁ ની કમર ફરતે હાથ નાખ્યો, જાણે એ નાચવાના હોય.



એ રાતે મેં પા ને માઁ ને કહેતા સાંભળ્યા કે એ બીજે દિવસે સવારે જ કસ્બા ની મંડી માં જશે. હું ભેટ વિષે વિચારવા લાગ્યો. નવા કપડાં વિષે પણ વિચાર્યું. હું એ સુખદ અહેસાસ વિષે પણ વિચારી રહ્યો હતો જે રાત્રિભોજન વખતે આખા ઘર માં પ્રસરી રહ્યો હતો. હું પા સાથે જવા ઈચ્છતો હતો. પણ માઁ એ મનાઈ કરી, મારે સ્કૂલ જવાનું હતું.

સ્કૂલ પછી મેં મારી જવાબદારી ના બધા કામ પુરા કર્યા. પછી હું રસોડા માં બેસી ને પા ની રાહ જોવા લાગ્યો. હું એને સીટી વગાડતા અથવા કોઈ ગીત ગણગણતા પાછા આવવાની રાહ જોતો હતો. પણ મને ફક્ત ઘોડી અને ગાડી નો અવાજ સંભળાયો અને ત્યારે પા દરવાજા માં ઉભેલા દેખાયા.

"લાગે છે આ વખતે બધા ખેડૂતો એ બટાટા જ બટાટા ઉગાડયા છે. બટાટા વેચાતા જ નથી." પા ઘોડા અને ગાડી ને લઈ બીજે અઠવાડીએ પણ મંડી ગયા, અને પછી એના બીજે અઠવાડીએ. એ દરેક વખતે પાછા ફરતા અને ખભા ઉલાળતા. હું જયારે પણ વાડા માં જતો ત્યારે એને બટાટા ના પીપ ને ઘુરતા જોતો, જાણે એ એને ગણી રહ્યા હોય. હવા ઠંડી થતી જતી હતી. સવારે ખાબોચિયા માં ભરેલા પાણી ની સપાટી જામવા લાગી હતી.



"આપણે બટાટા ભોંયરાના કોઠાર માં રાખવા પડશે," પા એ નિર્ણય કર્યો.

આલ્ફે છોકરાઓ ની મદદ થી એણે ગુણીઓ ને જોડી ને ઢાળ બનાવ્યો રસોડા ના ફર્શ પર બનેલા કોઠાર ના બારણાં ને ખોલવામાં આવ્યું. પીપ ને ગબડાવીને અંદર લાવવામાં આવ્યા અને બટાટા ને ઢાળ વાટે નીચે પહોંચાડવામાં આવ્યા. બધે માટી જ માટી વેરાઈ ગઈ. માઁ ને એ બિલકુલ પસંદ ન આવ્યું.

મેં પીપ ગણવાની કોશિશ કરી, પણ એ બહુ વધારે હતા.

"સાડા સાત સો," પા એ કહ્યું. "સાતસો પચાસ અને સૌથી ઉમદા!"

પા એ ભંડાર નો દરવાજો સૂકા ઘાસ થી ઢાંકી દીધો, જેથી બટાટા અંદર જામી ન જાય.

"મારે જંગલો માં જવું પડશે," એણે અમને કહ્યું.

કિંગ અને બિલ ને પા એ ગાડી સાથે જોતર્યા.





પા રાઇલી બ્રુક નામની એક જગ્યા એ કામ કરવા જતા રહ્યા. માઁ એ જણાવ્યું કે ત્યાં બે દિવસ ની યાત્રા કરીને જ પહોંચી શકશે. મને ચિંતા થવા લાગી કે એને બહુ ઠંડી તો નહીં લાગે, એની પાસે રહેવા માટે કોઈ ઘર હશે કે નહીં. હું બહાર જઇને એના હળ પર બેસી ગયો. બરાબર ત્યાં જ્યાં એ બેસતા હતા. મને સાચે એની બહુ ચિંતા થતી હતી.

માઁ એ રસોઇ બનાવ્યા વગર એને ભરપેટ ખાવાનું મળશે કે નહીં.

જયારે મેં માઁ ને પૂછ્યું કે પા ત્યાં શું કરશે, માઁ એ જણાવ્યું કે એ વૃક્ષ કાપશે. મને સમજાયું જ નહીં કે ઝાડ કેમ વેચાય છે, અને બટાટા નહીં.



જયારે પા ક્રિસ્મસ માં ઘરે આવ્યા તો એને મોટી લાલ દાઢી ઉગી નીકળી હતી. એ મને ખેતર ના છોર પર લઈ ગયા અને એક ક્રિસ્મસ ટ્રી કાપ્યું. એ એને ઘર માં લાવ્યા જેથી હું અને મારા ભાઈ એની સજાવટ કરી શકીયે.

માઁ એ ફજ (મીઠાઈ) બનાવી. રસોડા માં ઘુસ્યા પહેલા જ મને એની સુગંધ આવી રહી હતી. કોઈએ ભેટ ની વાત ન કાઢી. મારે તો કરવી જ નહોતી. મારે તો એને એ કહેવું હતું કે હું બટાટા ની દેખભાળ કરતો રહ્યો હતો. સપ્તાહ માં ઓછામાં ઓછું એક વાર હું ભંડાર નો દરવાજો ખોલતો જેથી નીચે ઝાંકી ને જોઈ શકું.



પા એ કહ્યું કે મારું એવું કરવું એકદમ બરાબર હતું. ક્રિસ્મસ પછી એ બરફ ની ગાડી માં કસ્બા ગયા. એ ત્યાં ઘણી વાર સુધી રહ્યા. જયારે એ પાછા ફર્યા ત્યારે હું લગભગ સૂઈ ચુક્યો હતો.

"નખ્ખોદિયા!" મેં પા ને કહેતા સાંભળ્યા.

મેં શ્વાસ રોક્યો અને માઁ ને એને ગાળો ન બોલવા માટે કહેવા ની રાહ જોવા લાગ્યો. પણ માઁ કંઈ ન બોલ્યા. પા એ કહ્યુ કે એને ફરી જંગલો માં જવું પડશે.

મને ડર હતો કે પા ને કંઈ થઈ ન જાય. એ ડર પણ હતો કે ક્યાંક એ મને ભૂલી ન જાય. પણ જતા પહેલા પા મારી પાસે આવ્યા. એણે મારા સસ્પેન્ડર્સ ફટાક કરીને ખેંચ્યા, અને મેં એના.

આ વખતે જયારે પા ઘરે પાછા ફર્યા તો બરફ પીઘળવા લાગ્યો હતો. મેં ભંડાર નો દરવાજો ખોલવાનું બંધ કર્યું હતું. ત્યાં થી એક અજબ દુર્ગંધ આવી રહી હતી.

મેં માઁ ને કહ્યું કે કદાચ મારે બટાટા ની વધારે સારી દેખભાળ કરવી જોઈતી હતી. પણ એણે કહ્યું કે હું આથી વધારે કરી પણ શું શકતો હતો. પા એ એક વાર સુંઘયું અને એ વિફર્યા.

"અને લઈ જવાનું ભાડું પણ નહીં મળી શકે," એ નિરાશા થી બોલ્યા.


મને એનો મતલબ ન સમજાયો. હું તો કેવળ એટલું જાણું છું કે એ રાતે સૂતે સમયે બંને એટલું ધીમું-ધીમું બોલ્યા કે મને કંઈ સંભળાયું નહીં.



બીજે દિવસે સવારે હું જાગ્યો તો જોયું કે પા પહેલે થી જ કામ માં લાગેલા હતા. એણે ભંડાર નો બહાર નો દરવાજો ખોલી નાખ્યો હતો અને ગાડી માં લાદવા માટે પીપો ને પાટિયા પરથી ગબડાવી રહ્યા હતા. પીપ ઘણા હતા. જયારે હું સૂતો હતો ત્યારે એણે બટાટા ને પીપ માં ભરવા શરુ કરી દીધા હતા.

એ કંઇ બોલ્યા નહીં. બસ પીપો ને ભરી-ભરી ને ગાડી માં લાદતા ગયા. જયારે બાર પીપ લદાઈ ગયા, ત્યારે એક મજબૂત રસ્સા થી એને બાંધી દીધા.

મને લાગ્યું કે અમે સડક પરથી કસ્બા તરફ જઇશું.





પણ મોટી સડક પાર કર્યા પછી અમે ખેતર તરફ વળી ગયા. હું એને બટાટા ને વાવવા- ઉગાડવા વિષે કંઈ કહેવા ચાહતો હતો, પણ ચૂપ રહ્યો. થોડી વારે અમે રેલવે ના પાટા પાર કર્યા.


અમે એ જગ્યા એ પહોંચ્યા જ્યાં સેન્ટ જોન નદી નો કિનારો હતો. ત્યાં રમવાની મને સખત મનાઈ હતી. પા એ લગામ ખેંચી જેથી કિંગ અને બિલ ઉભા રહે.

"ચાલ," મને ગાડી માં થી ઉતારી ને એ બોલ્યા.

મને ઉતારી ને એ પાછા ગાડી માં ચઢ્યા. એક પીપ ને ગબડાવી કિનારા સુધી લાવ્યા અને એને ઊંધું કર્યું. સેંકડો બટાટા ગડગડાટ કરતા પાણી તરફ ગબડવા લાગ્યા. જયારે એ પીપ ખાલી થયું, ત્યારે પા બીજું પીપ લાવ્યા અને પછી ત્રીજું. પીપ ભારે હતા. નદી માં બટાટા જ બટાટા તરી રહ્યા હતા, એના આખા ઢાળ પર. એ બરફ ના ટુકડા સાથે તરી રહ્યા હતા.

"બીજું કંઈ કરી જ નહોતા શકતા એની સાથે, છે ને?" પા ની આંખો માં આસું હતા. હું એની તરફ જોવા જ નહોતો ચાહતો. "હું એને સડવા માટે તો નહોતો છોડી શકતો, છે ને?"

એ તદ્દન મારી પાસે આવી ને ઉભા રહ્યા.



એણે મારા ખભા જોરથી દબાવ્યા. બપોર ના ભોજન પહેલા અમે બે વાર ગાડી ભરી-ભરી ને ત્યાં પાછા આવ્યા. હું ત્યારે પણ એની સાથે હતો જયારે એમણે આખરી પીપો ને પાણી માં ખાલી કર્યા હતા.

"તો આ હતી ભેટ?" એ બોલ્યા.





ભેટ બેશક આવી. પણ પછી. પણ એનું મહત્વ ન હતું. મહત્વ નું હતું મારા ખભા પર દબાવ. પરિવાર નો મુશ્કેલ સમય વધારે મુશ્કેલ થતો ગયો. પા અમારી સાથે હોય કે નહીં - પણ હું એને મારા ખભા દબાવતા, મને હિમ્મત આપતા, મહેસૂસ કરતો હતો.

લાગે છે કે ખભા દબાવવા એ પણ પા ની વાવેલી બીજી કોઈ વસ્તુ હતી. અને એની ફસલ બટાટા થી પણ વધારે સારી ઉગી સકી. હું હવે મોટો થઈ ગયો છું, પણ હજી એને મહેસૂસ કરું છું.